




રાષ્ટ્રીયકક્ષાની માતૃસંસ્થા અને એ.આઈ.ઓ.સી.ડી.અને રાજ્યકક્ષાની માતૃ સંસ્થા ફેડરેશન ધ્વારા લેવાયેલ નિર્ણયને લઈને ઓનલાઈન દવાના વેચાણને લઈને હિમતનગર સહીત સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં આજે એક દિવસ માટે બંધનું એલાન આપ્યું હતું. જે સફળ રહ્યું હતું તો સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના મેડીકલ ધારકોના એસોસીએસન ધ્વારા મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું અને કાળી પટ્ટી ધારણ કરી વિરોધ કર્યો હતો. દર્દીઓને માટે જીલ્લાના તાલુકા મથકે એક મેડીકલ ખુલ્લી રાખવામાં આવી હતી જેને લઈને હિમતનગરને મેડીકલ પર દર્દીઓ માટે દવા લેવા ભારે ભીડ જોવા મળી હતી. આમ મેડીકલ ધારકોએ પોતાના વિરોધ સાથે દર્દીઓને પણ ધ્યાને રાખી વ્યવસ્થા કરી હતી.

# મેઘરજ તાલુકાના યુવા જિલ્લા પંચાયત સદસ્ય શંકાસ્પદ સ્વાઈન ફલુના સકંજામાં

મેઘરજ, તા. ૨૮

અરવલ્લી જીલ્લામાં ભાદરીયા વાઈરલ તાવ, ડેન્ગ્યુ, મેલેરિયા, પાણીજન્ય રોગચાળો અને શંકાસ્પદ સ્વાઈન ફલુના દર્દીઓ સાથે સ્વાઈન ફલુનો ખતરો દિવસેને દિવસે વધતો જાય છે અને હજુ પણ આરોગ્યતંત્ર ગંભીરતાથી લેવામાં ઉણુ ઉતરતા પ્રજાજનો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં છેલ્લા પંદર દિવસમાં સ્વાઈન ફ્લુના ૮ દર્દીઓ નોંધાયા હોવાની સાથે ૨ દર્દીઓના મોત નિપજયા છે. ત્યારે મેઘરજ તાલુકાના યુવા જીલ્લા પંચાયત સદસ્યને શરદી-ખાંસી અને તાવ આવતો હોવાથી મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તાવ ન ઉતરતા તબીબને શંકાસ્પદ સ્વાઈન ફ્લુના લક્ષણો જણાતા જીલ્લા પંચાયત સદસ્યને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવા આવ્યા હતા.

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકામાં ૩ સ્વાઈન ફ્લુના દર્દીઓ મળી આવ્યા બાદ જીલ્લા




પંચાયતના સદસ્ય શંકાસ્પદ સ્વાઈન ફલુમાં સપડાતા મેઘરજ પંથકમાં ભારે ફફડાટ ફેલાયો છે. ૨૮ વર્ષીય જીલ્લા પંચાયત સદસ્યને શરદી-ખાંસી અને તાવ અને ન્યુમોનિયાની અસર થતા મોડાસાના ડીપ વિસ્તારમાં આવેલી ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. સઘન સારવાર આપવા છતાં તાવ ન ઉતરતા અને શ્વાસ લેવામાં તકલીફ ઉભી થતા તબીબને શંકાસ્પદ સ્વાઈનફલુ જણાતા શુક્રવારે તાત્કાલિક અમદાવાદ ખાનગી હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડવા આવ્યા હતા. હાલ જીલ્લા પંચાયત સદસ્યની હાલત સ્થિર હોવાની અને અમદાવાદની ખાનગી હોસ્પિટલના તબીબે એચ૧એન૧ ના રિપોર્ટ્સ માટે તજવીજ હાથ ધરી હોવાની માહિતી જીલ્લા પંચાયતના પરિવાર સદસ્ય દ્વારા પ્રાપ્ત થઈ હતી.

અરવલ્લી જીલ્લા આરોગ્ય અને તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા જીલ્લા પંચાયતના સદસ્યના પરિવારજનો અને ગામમાં સર્વેની કામગીરી હાથ ધરી જીલ્લા પંચાયત સદસ્યના સંપર્કમાં આવનાર વ્યક્તિઓને ટેમિફ્લૂ નામની દવા આપવાની તજવીજ હાથ ધરી હતી અને ગામમાં શરદી-ખાંસી અને તાવના લક્ષણો ધરાવતા દર્દીઓ સર્વલન્સ હેઠળ રાખવામાં આવ્યા છે. જીલ્લા આરોગ્ય વિભાગની કામગીરી મોટા ભાગે કાગળ પર કરવામાં આવતી હોવાનું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. સ્વાઈનફ્લુ કે ડેન્ગ્યુ જેવી મહામારી બીમારી બહાર આવ્યા બાદ જીલ્લા આરોગ્ય તંત્ર હરકતમાં આવતું હોવાની અનેક બૂમો ઉઠી રહી છે.

## ડીસામાં યુવતીનું અપહરણ કરી કેફી પીણુ પીવડાવ્યું

ડીસા, તા. ૨૮

ડીસાના નહેરૂ નગર ટેકરા વિસ્તારમાં રહેતા એક પરિવારની અઢાર વર્ષિય યુવતીને ડીસાના બે શખ્સ રિક્ષામાં ઉપાડી ગયા હતા.અને યુવતીને કેફી પીણુ પીવડાવી બેભાન કરી હતી.ત્યારબાદ યુવતીના પરિવારને જાણ થતા યુવતીને ડીસાની હોસ્પિટલમાં સારવાર અપાયા બાદ વધુ સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.આ અંગે પરિવારે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ડીસા નહેરૂ નગર ટેકરા વિસ્તારમાં રહેતો એક પરિવાર અંબાજી મજુરી અર્થે ગયો હતો.તે સમયે તેમની અઢાર વર્ષિય યુવતી ઘરેથી કરિયાણુ ખરીદવા માટે ગઈ હતી. કરિયાણુ ખરીદી પરત ઘરે જતી હતી. તે સમયે બે શખ્સો રિક્ષામાં આવી યુવતીને કહેલ કે તને દસ દિવસથી બોલાવુ છુ તેમ છતા મારી સાથે કેમ બોલતી નથી? તેમ કહી બળજબરી પૂર્વક યુવતીને રિક્ષામાં બેસાડી તેના ઘરે લઈ ગયો હતો. ત્યારબાદ તેને કેફી પદાર્થ પીવડાવી બેભાન કરી હતી.



દેશમાં વોલમાર્ટ પગ પેસારો કરી રહી છે તેના વિરોધમાં હિંમતનગર સહીત સાબરકાંઠા જીલ્લામાં આજે કરીયાણા અને અનાજના વેપારીઓએ એક દિવસનું સજ્જડ બંધ રાખી વિરોધ નોધાવ્યો હતો. બંધના એલાનને પગલે વેપારી એસોસીએસન ધ્વારા પત્રિકા છપાવી અનાજ અને કરીયાણા સાથે અન્ય વેપારીઓનો પણ સાથ સહકાર માંગ્યો હતો. આમ અનાજ અને કરીયાણાના વેપારીઓએ સવારથી જ દુકાનો બંધ રાખી હતી.

## મહિન્દ્રા મ્યુચ્યુઅલ ફંડે મહિન્દ્રા રૂરલ ભારત એન્ડ કન્ઝ્યુમર્શન યોજના લોંચ

પ્રારંભિક સબસ્ક્રિપ્શન માટે ન્યૂ ફંડ ઓફર ૧૯ ઓક્ટોબર, ૨૦૧૮થી ખુલશે અને ૨ નવેમ્બર ૨૦૧૮નાં રોજ બંધ થશે

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ (એમએમએફએસએલ)ની સંપૂર્ણ માલિકીની કંપની મહિન્દ્રા મ્યુચ્યુઅલ ફંડે ગ્રામીણ ભારતમાં આવક અને ઉપભોકતામાં ઊંચી વૃદ્ધિનો લાભ મેળવવાની અપેક્ષા સાથે અને અથવા ઈક્વિટી અને ઈક્વિટી સાથે સંબંધિત માધ્યમોમાં મુખ્યત્વે રોકાણ કરીને લાંબા ગાળે મૂડીનું સંવર્ધન કરવા ઈચ્છતા રોકાણકારો માટે નવી ઓપન એન્ડેડ સ્કીમ મહિન્દ્રા રૂરલ ભારત કન્ઝ્યુર્મેશન યોજના લોંચ કરી છે.

મહિન્દ્રા મ્યુચ્યુઅલ ફંડનાં સીએમઓ જતિન્દર પાલ સિંઘે કહ્યું હતું કે, 'ગ્રામીણ ભારતમાં માળખાગત પરિવર્તન અને વૃદ્ધિનો લાભ લેવા માટે કાર્યરત કંપનીઓ અને વ્યવસાયોમાં રોકાણ કરીને મૂડી સંવર્ધન કરવા સ્કીમ પ્રયાસ કરશે. એમાં કેટલાંક ક્ષેત્રો સામેલ છે, જેને ગ્રામીણ ભારતનાં આવક અને ઉપભોગમાં સુધારાનાં કારણે સાતત્યપૂર્ણ લાભ આપશે એવી શક્યતા છે.

## ખેડબ્રહ્મા અંબિકા માતાજી મંદિરે સોમવારે પ્રક્ષાલનવિધિ યોજાશે

ખેડબ્રહ્મા, તા. ૨૮

યાત્રાધામ ખેડબ્રહ્મા ખાતે આવેલ મા અંબિકા માતાજી મંદિરે ભાદરવી પૂનમ બાદ સોમવાર ભાદરવા વદ સાતમના રોજ પ્રક્ષાલનવિધિ યોજાશે. જેમાં સોમવાર સવારે ૯ કલાકે પ્રક્ષાલનવિધિ બ્રાહ્મણો ધ્વારા શરૂ કરવામાં આવશે. જેથી સવારે ૯ થી સાંજના ૬ વાગ્યા સુધી નિજ મંદિર બંધ રહેશે અને સવાર-સાંજની આરતી રાબેતા સમય મુજબ કરવામાં આવશે.

## તલોદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનું ગૌરવ

તલોદ, તા. ૨૮

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ દ્વારા પ્રેરિત પ્રિ.એન.એસ.એસ.ડે.ની ઉજવણીનું આયોજન પાલનપુર આર્ટસ કોલેજમાં કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦ જેટલી કોલેજો જોડાઈ હતી અને ૨૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં આપણી સીડી. પટેલ મહાવિદ્યા મંડળ સંચાલિત શેઠ એચ.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, તલોદના વિદ્યાર્થી સોલંકી ગણેશસિંહ હિરસિંહ રંગોલી સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવેલ છે. તેમણે કોલેજનું નામ રોશન કર્યુ છે. માટે મંડળના પ્રમુખ તુષારભાઈ પટેલ, ઉપપ્રમુખ કનુભાઈ પટેલ તથા એકેડેમિક કાઉન્સિલના ચેરમેન રોનકભાઈ પટેલ તથા કોલેજના આચાર્ય પ્રો. એમ.આર. પરીખ અને શૈક્ષણિક સ્ટાફ પરિવાર તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રો. કે.બી. ચૌધરી અને ડૉ. દિલીપકુમાર ચાવડા ગૌરવની લાગણી અનુભવે છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા અર્પી અભિનંદન પાઠવે છે.




## ખેડબ્રહ્મામાં દવા ઓનલાઈનના વિરોધમા મેડિકલ બંધ રહ્યા

ખેડબ્રહ્મામાં શુક્રવારના રોજ ઓનલાઈન દવાઓના વેચાણ સામે ખેડબ્રહ્મા કેમિસ્ટ મિત્રમંડળ ધ્વારા બંધ પાળવમાં આવ્યો હતો. ખેડબ્રહ્મા મેડિકલ મિત્રમંડળમાં ૩૨ જેટલા મેડિકલ સ્ટોર આવલે છે જેમને શુક્રવારના રોજ ઓનલાઈન દવાઓના વેચાણ સામે વિરોધ પ્રગટ કરી મેડિકલ દુકાનો એક દિવસ માટે બંધ રાખવામા આવી હતી. ખેડબ્રહ્મા કેમિટ્સ મિત્રમંડળના પ્રમુખ હિતેશભાઈ દીક્ષિત અને મંત્રી નાનાલાલ પટેલના જણાવ્યા અનુસાર હાલમાં ચાલુ થયેલ ઓનલાઈન દવાઓના વેચાણથી નશા અને ઘેનની દવાઓનું વેચાણ વધશે. આવી દવાઓ છૂટથી મળવા લાગશે એટલે યુવાધનને નુકશાન થશે. ઓનલાઈન દવાઓ વેચનાર કોઈ અનુભવી કેમિસ્ટ કે ફાર્મસીષ્ટ નહીં હોય અને થોડી કંપનીઓના ફાયદા માટે લાખો મેડિકલવાળા બેકાર થઈ જશે. જેના સામે વિરોધ પ્રગટ કરવા માટે ખેડબ્રહ્માની મેડિકલ દુકાનો બંધ રાખવામાં આવી છે પણ લોકોને તકલીફ ના પડે તે સારું ફક્ત એક મેડિકલ સ્ટોર ખુલ્લો રાખવામાં આવ્યો હતો. શહેરના તમામ મેડિકલ સ્ટોરના સંચાલકો બંધમા જોડાયા હતા.




## મોડાસામાં ઘન કચરાની જગ્યા બદલવા કલેકટરને આવેદનપત્ર

ગુજરાત હાઈકોર્ટ અને ગુજરાત સરકારના સહયોગથી અરવલ્લી જીલ્લા ન્યાય મંદિર બિલ્ડીંગ તૈયાર થઈ રહ્યું છે. ન્યાય મંદિરને અડીને આવેલા જમીન ઉપર મોડાસા નગરપાલીકા આખા શહેરનો ઘન કચરો ઠાલવે છે. તે સ્થળે ગંદા કચરાના ઢગ હોવાથી તીર્વ દુર્ગંધ મારે છે. જયા ઉભા રહેવુ મુશ્કેલ છે. આરોગ્યને હાનીકારક હોઈ જાહેર ઉપદ્રવ સ્થળે થઈ રહેલ છે. જેથી અવરજવર કરતા નાગરીકોને ગંદકી અને દુર્ગંધથી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. નગરપાલિકા ઘન કચરો હટાવી લે અને ઠાલવવાનુ બંધ કરે તેવી માંગ શાથે અરવલ્લી જીલ્લાના મોડાસા બાર એસોસીયેશને કલેકટરને આવેદન પત્ર આપ્યુ છે.

## સેમસંગનો સૌપ્રથમ ટ્રિપલ કેમેરા સ્માર્ટફોન ગેલેક્સી A7 ભારતમાં લોંચ થશે

ભારતની સૌથી વિશ્વસનીય બ્રાન્ડ સેમસંગે આજે ગેલેક્સી છ૭ લોંચ કર્યો હતો, જે આકર્ષક ડિઝાઈન, પાવરફૂલ રિઅર ટ્રિપલ કેમેરા, આકર્ષક નવા કલર અને શ્રેષ્ઠ પર્ફોમન્સ ધરાવે છે.

ગેલેક્સી A7 ઉપભોકતાઓ પાસેથી પ્રાપ્ત ઉપયોગી જાણકારીને આધારે વિકસાવવામાં આવ્યો છે. ઉપભોકતાઓ પાસેથી જાણકારી મળી હતી કે, અત્યારે ભારતમાં ૨૧મી સદીનાં યુવાનો ગ્રાહકોમાંથી લગભગ અડધો અડધ ગ્રાહકો દરરોજ સ્માર્ટફોન કેમેરાનો ઉપયોગ કરે છે અને ફ્રન્ટ કેમેરાની સરખામણીમાં રિઅર કેમેરાનો બમણો ઉપયોગ કરે છે. નવા ટ્રિપલ કેમેરા સેટઅપમાં વધારાનો 8MP ૧૨૦ અલ્ટ્રા-વાઈડ લેન્સ છે, જે મનુષ્યની આંખ જેટલો વ્યૂઇંગ એંગલ ધરાવે છે. આ યુઝર્સને અનિયંત્રિત વાઈડ-એંગલ ફોટો લેવાની સુવિધા આપે છે, જેને કોઈ પણ વ્યક્તિ જોઈ શકે છે.

24MP પ્રાઈમરી અને સેલ્ફી કેમેરામાં નવી ટેકનલોજી પિક્સેલ બિનિંગ પણ છે, જે ડિવાઇઝને ઈન્ટેલિજન્ટ રીતે લો લાઈટ કન્ડિશન ડિટેક્ટ કરવાની તથા ડાર્કનેસમાં સ્ક્રિસ્પ અને ક્લીઅર શોટ લેવા માટે એક 'સુપર પિક્સેલ'માં ચાર પિક્સેલનો સમન્વય કરે છે. ફિલ્ડની ડેપ્થનાં નિયંત્રણની સુવિધા સાથે 5MP ડેપ્થ લેન્સ પાવર્સ લાઈવ ફોક્સ ફિચર સાથે 8MP પ્રાઈમરી કેમેરા યુઝરને ફોટો ક્લિક કરવા દરમિયાન અને પછી અસરને એડજસ્ટ કરવાની સુવિધા આપે છે.

૪૦ ટકા યુવાનો સોશિયલ પ્લેટફોર્મ પર એમની ઈમેજ અપલોડ કરતાં અગાઉ એડિટ કરે છે એ જાણકારી પર નિર્મિત ગેલેક્સી A7 રોમાંચક ઈન્ટેલિજન્ટ ફિચર પણ ધરાવે છે. ગેલેક્સી A7 કેમેરા સીન ઓપ્ટિમાઈઝર ધરાવે છે, જે ઓટોમેટિક રીતે ફૂડ, ફઅલાવર કે સનસેટ વગેરે ૧૯ જુદી જુદી સ્થિતિમાંથી કોઈ પણ સ્થિતિને ઓટોમેટિક ડિટેક્ટ કરે છે તથા બેસ્ટ પિક્ચર કમ્પોઝિશન માટે દરેક શોટને ઓપ્ટિમાઈઝ કરે છે.

## સબરીમાલા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવી સ્થિતીમાં એક અલગ ધારેમક સંપ્રદાય બનાવવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. કોર્ટે કહ્યુ હતુ કે બંધારણની કલમ ૨૬ હેઠળ પ્રવેશ પર પ્રતિબંધને કોઈ કિંમતે યોગ્ય ઠેરવી શકાય નહી. બંધારણ પુજામાં ભેદભાવ કરી શકે નહી. માનવામાં આવે છે કે આ જજમેન્ટની વ્યાપક અસર થનાર છે. બીજી બાજુ ત્રાવણકોર દેવાસમ બોર્ડના અધ્યક્ષ પદ્મકુમારે કહ્યુ હતુ કે બીજા ધાર્મક પ્રમુખોનુ સમર્થન મળી ગયા બાદ જ આ ચુકાદાની સામે ફેરવિચારણા અરજી દાખલ કરવાના સંબંધમાં વિચારણા કરવામાં આવનાર છે. ચીફ જસ્ટીસ દિપક મિશ્રાના નેતૃત્વમનાં બેંચે આ ચુકાદો આપ્યો હતો. અત્રે નોંધનીય છે કે હાઈકોર્ટે પ્રતિબંધને યોગ્ય ગણાવ્યો હતો. જેને લઈને હોબાળો થયો હતો.

ત્રાવણકોર દેવાસમ બોર્ડના અધ્યક્ષ એ પદ્મકુમાર કહી ચુક્યા છે કે, તમામના નિવેદનને ધ્યાનમાં લેવામાં આવ્યા બાદ વધુ પગલા લેવામાં આવશે. ચીફ જસ્ટિસ દિપક મિશ્રાના નેતૃત્વમાં જસ્ટિસ આરએફ નરિમન, જસ્ટિસ એએમ ખાનવીલકર, જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રા પાંચ જજની બેંચમાં સામેલ હતા. અલબત્ત આ ચુકાદો ૪-૧થી આપવામાં આવ્યો હતો. બેંચમાં સામેલ જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રાએ અલગરીતે ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજીમાં એવી જોગવાઈને પડકાર ફેંકવામાં આવ્યો હતો કે, મંદિરમાં ૧૦થી ૫૦ વર્ષની વયની મહિલાઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ હતો. આ પહેલા સુપ્રીમ કોર્ટમાં સબરીમાલા મંદિર મામલાની સુનાવણી દરમિયાન કોર્ટ સલાહકાર રાજુ રામચંદ્રને કહ્યું હતું કે, મંદિરમાં મહિલાઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ એવી જ રીતે છે જે રીતે દલિતોની સાથે અસ્પૃશ્યતાનો મામલો રહેલો છે. કોર્ટના સલાહકારે કહ્યું હતું કે, અસ્પૃશ્યતાની સામે જે અધિકારો છે તેમાં અપવિત્રતા પણ સામેલ છે. જો મહિલાઓના પ્રવેશ આ આધાર પર રોકવામાં આવે છે કે કેટલીક અપવિત્ર બાબતો રહેલી છે તો તે યોગ્ય નથી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટના જસ્ટિસ નરિમને પ્રશ્ન કર્યો હતો કે, આનો આધાર શું રહેલો છે.

## સંકટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આઈએમડી દ્વારા આંકડા જારી કરવામાં આવ્યા બાદ સ્થિતિમાં સુધારો થયો છે. ૧૯મી સપ્ટેમ્બર સુધી આ આંકડો માઈનસ ૧૦ ટકાનો રહ્યો હતો. દક્ષિણ પશ્ચિમ મોનસુન ભારતમાં વાર્ષિક વરસાદના ૭૦ ટકાની આસપાસ છે અને કૃષિ અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ છે. આઈએમડી દ્વારા જુદા જુદા વર્ગમાં મોનસુની વરસાદને વિભાજિત કરે છે. ઓછા વરસાદને અછત તરીકે ગણવામાં આવે છે. જ્યારે લોંગ ટર્મ એવરેજ કરતા ૨૦-૫૯ ટકા ઓછો વરસાદ પડે ત્યારે તેને ઓછા વરસાદ તરીકે ગણવામાં આવે છે જ્યારે ૬૦-૯૯ ટકા ઓછો વરસાદ પડે ત્યારે તીવ્ર અછત તરીકે ગણવામાં આવે છે. ૨૫૧ જિલ્લાઓમાં આશરે ૩૭ ટકા ઓછો વરસાદ રહ્યો છે જેથી તીવ્ર અછતની સ્થિતિ તેને ગણી શકાય છે. આમા મેઘાલય, અરુણાચલ, ઝારખંડ, બિહાર, ગુજરાત, તમિળનાડુ અને ૫૦થી વધુ જિલ્લાઓનો સમાવેશ થાય છે. મોનસુનની પૂર્ણાહૂતિની રાહ જોવામાં આવી રહી છે. ઈન્ડિયા સ્પેન્ડ દ્વારા ૨૦૧૮ માટેના વરસાદી ડેટામાં ચકાસણી કરવામાં આવી ચુકી છે. વરસાદ ઓછા ધરાવતા પ્રદેશોમાં ગીચ વિસ્તારો પણ સામેલ છે. જો રાષ્ટ્રવ્યાપી એકંદરે વરસાદ સપ્ટેમ્બરના બાકીના ત્રણ દિવસમાં એક ટકાથી ઓછો રહેશે તો મોનસુન સિઝનમાં ફરી એકવાર દુષ્કાળની સ્થિતિની શક્યતા રહેલી છે.

## શંકા નથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિશ્વસનીયતાનો પ્રશ્ન નથી. આ પ્રશ્ન નિર્ણય લેનાર પ્રક્રિયમાં સામેલ રહેલા લોકોની વિશ્વસનીયતનો છે.

પવારે કહ્યુ છે કે લોકોને મોદીના ઈરાદા અંગે કોઈ શંકા નથી. શરૂઆતમાં સંરક્ષણ પ્રધાન નિર્મલા સીતારામન કહી ચુક્યા છે કે આમાં કોઈ દુવિધા નથી. હવે નાણાં પ્રધાન અરૂણ જેટલી પણ આ જ વાત કરી રહ્યા છે. પવારે કહ્યુ હતુ કે તેઓ વપક્ષની એવી માંગ સાથે સહમત નથી કે ટેકનિકલ પાસા અને ડીલને લઈને વિગતો જાહેર કરવી જોઈએ. જો કે પવારે કહ્યુ હતુ કે વિમાનની કિંમતો જાહેર કરવાને લઈને કોઈને કોઈ નુકસાન નથી. કિંમતો જાહેર કરી શકાય છે.

આ સમગ્ર મામલામાં તપાસ કરવા માટે સંયુક્ત સંસદીય સમિતી રહે તેને લઈને પણ તેઓ વિપક્ષની માંગને ટેકો આપે છે. પવારના આ નિવેદનના કારણે કોંગ્રેસ અને એનસીપી મોરચાની શક્યતાને પણ મોટો ફટકો પડ્યો છે. મોદી સરકાર સામે સંયુક્ત મોરચાની તૈયારી કોંગ્રેસ-એનસીપી કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૯માં યોજાનાર લોકસભા ચૂંટણી માટે ગઠબંધન અને બેઠકોની વહેચણી અંગે આ બાબત અસર કરી શકે છે.

## સર્વર ડાઉન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આર ટી ઓ કચેરીનુ વાહન અને સારથી એમ બન્ને સર્વરો ખોટવાતા અરજદારો પણ કલોકો વેડફીને ઠેર ના ઠેર ઉભા રહી જાય છે. નગરની આર ટી ઓ કચેરીમાં છેલ્લા પાંચ દિવસથી સર્વર ડાઉન રહેતા વહીવટી કામગીરી ઠપ્પ થઈ ગઈ હતી. જયારે લાઈસન્સ તેમજ વાહન નોંધણી, વાહનોના નંબર માટેની કામગીરી ઉપરાંત વાહનો ટ્રાન્સફર , લોન પાસ કરાવવા સહીતની કામગીરીમાં અરજદારોએ મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો હતો. આ સ્થિતિ વચ્ચે આર ટી ઓ ના સ્ટાફ અને અરજદારો વચ્ચે ઘર્ષણના દ્રશ્યો સર્જાયા હતા.

## શરૂ કર્યું

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે-૨૪ ચોકડીની લાઈનમાં સ્થિત રહેણાંકમાં કોર્મશિયલ દુકાનો પણ દબાણ તંત્રએ તોડવાનુ શરૂ કર્યુ હતુ. જયારે તંત્રની દબાણ ઝુંબેશને અનુલક્ષી સેકટરમાં દબાણકર્તાઓ જાતે જ દબાણો દુર કરવાના કામે લાગી ગયા હતા. સેકટર -૨૪ માં છેલ્લા ઘણાં સમયથી દબાણતંત્રએ ધામા નાંખ્યા છે. જયારે દબાણોની પણ ભરમાર હોવાથી સેકટરમાં પ્રાંરભિક તબક્કે તંત્ર માટે કામ કરવાનુ પણ મુશ્કેલ બન્યુ હતુ. જો કે દબાણો દુર કરવાની કામગીરીના બીજા તબક્કા દરમિયાન ગઈકાલે સે-૨૪માં વિવાદાસ્પદ દબાણો પણ દુર કરાયા હતા. દબાણતંત્રની સાથે વેપારીઓ પણ દબાણો દુર કરવાના કામે લાગી ગયા હતા. સેકટરમાં આજે તંત્ર દ્વારા ૧૫ જેટલા દબાણો દુર કરાયા હતા.

## બિમારીની ઝપટમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આયુર્વેદ નિદાન પદ્ધતિથી સર્વરોગ નિદાન કેમ્પનું સરદાર હોલમાં આયોજન કર્યુ છે. આ નિદાન કેમ્પ દરમ્યાન ડેન્ગ્યુ વિરોધી ઉકાળાનું વિતરણ તેમજ ડેન્ગ્યુ વિરોધી હોમિયોપેથી દવાનું પણ વિતરણ કરવામાં આવનાર છે.

આ સર્વરોગ નિદાન કેમ્પ દરમ્યાન કર્મચારીઓને ઉકાળો પીવડાવવા ઉપરાંત કોલવડા આયુર્વેદ કોલેજના નિષ્ણાત વૈદ્યો અને જિલ્લાના વૈદ્યોની સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવનાર છે.

જિલ્લા પંચાયતમાં ગત વર્ષે પણ ડેન્ગ્યુ વિરોધી ઉકાળાનું વિતરણ કરાયુ હતુ. સતત બીજા વર્ષે સર્વરોગ નિદાન સાથે ઉકાળા વિતરણનું આયોજન કરાયું છે. આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા આ માટે પંચાયતના ત્રણેય માળની કચેરીઓના કર્મયોગીઓ માટે ખાસ સમયની ફાળવણી સાથે નોટીસ બોર્ડ પર સૂચના પણ મુકી છે.